https://tv9gujarati.com/gujarat/ahmedabad/ahmedabad-national-conclave-on-empowering-youth-jointly-organized-by-edii-and-dicci-nextgen-776132.html

# Ahmedabad: EDII તથા DICCI NextGen દ્વારા સંયુક્તપણે નેશનલ કોન્કલેવ ઓન એમ્પાવરિંગ યૂથ યોજાઈ

TV9 GUJARATI | Edited By: Utpal Patel

Updated on: Jun 10, 2023 | 11:58 PM

કોન્કલેવનો મુખ્ય એજન્ડા સમાજમાં ડાયવર્સિટી અને ઈન્ક્લુઝન હાંસલ કરવામાં આવતા પડકારો અને અવરોધોને ઓળખવા તથા સર્વસમાવેશને પ્રોત્સાહિત કરે તેવી નીતિઓ, પગલાં તથા પ્રક્રિયાની ચર્ચા કરવાનો હતો.




Ahmedabad : ભારતની G-20 પ્રેસિડેન્સીમાં યુવાનોને સામેલ કરવા તથા તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવા આંત્રપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII), અમદાવાદ તથા દલિત ઈન્ડિયન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (DICCI) દ્વારા 'એમ્પાવરિંગ યૂથઃ ફોસ્ટરિંગ ઈન્ક્લુઝન એન્ડ ડાયવર્સિટી' વિષય પર રાષ્ટ્રીય કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્કલેવને SIDBI પણ સહયોગ મળ્યો હતો અને તેનું આયોજન યુવાનોને એમ્પાવર કરવા, તેમને અર્થસભર ચર્ચા માટે મંચ પૂરો પાડવા, નોલેજ શૅરિંગ માટે તથા ડાયવર્સિટી અને ઈન્ક્લુઝન મજબૂત બનાવવા કરવામાં આવ્યું હતું.
કોન્કલેવના ઉદ્‌ઘાટન સમારંભમાં DICCI ના સ્થાપક ચેરમેન તથા EDII ના બોર્ડ મેમ્બર ડૉ. મિલિન્દ કામ્બલે, યૂથ 20, કન્વીનર સેક્રેટરિએટ અજય કશ્યપ, SIDBI ના જનરલ મેનેજર સંજય ગુપ્તા, DICCI નેક્સ્ટજનના રાષ્ટ્રીય કન્વીનર મૈત્રેયી કામ્બલે તથા EDII ના ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લ ઉપસ્થિત રહ્યાં હતાં.

કોન્કલેવનો મુખ્ય એજન્ડા સમાજમાં ડાયવર્સિટી અને ઈન્ક્લુઝન હાંસલ કરવામાં આવતા પડકારો અને અવરોધોને ઓળખવા તથા સર્વસમાવેશને પ્રોત્સાહિત કરે

તેવી નીતિઓ, પગલાં તથા પ્રક્રિયાની ચર્ચા કરવાનો હતો. વિવિધ સ્તરે ડાયવર્સિટી અને ઈન્ક્લુઝનને પ્રોત્સાહિત કરવા માટેના નૂતન ઉપાયો વિશે પણ કોન્કલેવમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઈવેન્ટના ભાગરૂપે વિવિધ ટેકનિકલ સેશનનું પણ આયોજન થયું હતું. વિવિધ સેશનમાં ચોથી ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભમાં ભાવિ કામગીરી, સર્વસમાવેશી પ્રેક્ટિસ હાંસલ કરવા માટેના ઉપાય તથા લાંબાગાળાની સ્થિરતા માટે સહયોગના મહત્ત્વ અને ઈન્ક્લુઝિવ નીતિઓ – વગેરે પર ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. મિલિન્દ કામ્બલેએ કહ્યું હતું કે, “જી-20માં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. ભારત અન્ય દેશોથી આગળ છે. અને આ યોગ્ય સમય છે જ્યારે યુવાનો નોંધપાત્ર ભૂમિકા ભજવવાની છે અને મોટી જવાબદારી ઉપાડવાની છે. તેમણે વિચારો, યાજનાઓ તથા વ્યૂહરચના રજૂ કરવી જોઇએ જેથી લાભદાયક માળખું અને વ્યવસ્થા તૈયાર કરવામાં મદદ મળે. દેશના વસ્તીલક્ષી વૈવિધ્યને વાસ્તવમાં વાય-20 દ્વારા પોતાને વધુ તેજસ્વી બનાવવા અને પ્રગતિનું નેતૃત્વ કરવાની તક આપે છે. સામાજિક અને આર્થિક ઈન્ક્લુઝન એ એવું પ્રગતિશીલ પગલું છે જેનો ભારતે વ્યાપક ઉપયોગ કર્યો છે. યુવાનોને આગળ આવીને આ શ્રેષ્ઠ સમયનો લાભ લેવા વિનંતી કરું છું.”

આર્થિક વિકાસમાં MSME ના મહત્ત્વ અને યુવાનોની ભૂમિકા વિશે વાત કરતા સંજય ગુપ્તાએ કહ્યું હતું કે, “યુવાનોને સારી રીતે રોજગાર મળે તે સુનિશ્ચિત કરવાની આજની જરૂરિયાત છે. તેથી સ્વાવલંબન અસરકારક વિકલ્પ બની રહે છે. યુવાનો તેમના પોતાના વ્યવસાય સ્થાપિત કરે તે માટે તેમને માર્ગદર્શન આપવું પડશે. કોઇપણ દેશની પ્રગતિમાં MSME ની ભૂમિકા સર્વોચ્ચ છે. દેશનું ભવિષ્ય બદલવાની ક્ષમતા યુવાનો પાસે છે. તેમને કુશળ બનાવવાની જરૂર છે જેથી તેઓ દેશની પ્રગતિમાં ભાગીદાર બને.”

એકત્રિત સમૂહને સંબોધતા અજય કશ્યપે કહ્યું હતું કે, “ભારતને જી-20 પ્રેસિડેન્સી મળી તે દેશ માટે સીમાચિહ્ન છે. આ સાથે ભારત માટે ઐતિહાસિક જવાબદારી આવી છે. ભારત એક સુપર પાવર તરીકે ભવિષ્ય તરફ આગળ વધી રહ્યો છે. Y20 એ સમાનતા અને સર્વમાવેશ સુનિશ્ચિત કરવા માટેનું નવીન પ્લેટફોર્મ છે. ભારતના યુવાનોએ ટેકનિકલ સંશોધનો ઉપરાંત પર્યાવરણ, રિન્યુઅલ એનર્જી, ક્લાઇમેટ ચેન્જ વગેરે અગત્યના મુદ્દે ચિંતા વ્યક્ત કરીને દુનિયામાં ઉદાહરણ પૂરું પાડ્યું છે. હું આશા રાખું છે કે આ પ્રગતિ પૂરી ક્ષમતા અને ઊર્જા સાથે આગળ વધશે.”

ડૉ. સુનિલ શુક્લે જણાવ્યું હતું કે, “એક દેશ તરીકે આપણા માટે એ અગત્યનું છે કે યુવાનોની યોગ્યતાને સંશોધન અને રચનાત્મક કામો તરફ વાળીએ. સર્વસમાવેશ અને વૈવિધ્ય આ દેશના મૂળભૂત સંસ્કારો સાથે જોડાયેલી બાબત છે. આ બંને

બાબતો ઉપર પ્રગતિનું નેતૃત્વ કરવાની જવાબદારી યુવાનોની છે. આંત્રપ્રેન્યોરશિપ એ સરહદો પાર કરવાનો અને કોઈ પૂર્વગ્રહ વિના સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરવાનો એક માર્ગ છે. યુવાનોએ આ અંગે આગળ આવવું પડશે, ખાસ કરીને એટલા માટે કે તેઓ સંશોધન અને ટેકનોલોજીને વધારે સારી રીતે જાણે છે અને છેવટે એ બાબતો જ સ્ટાર્ટઅપ તથા નવા બિઝનેસનો આધાર બને છે."

ઈવેન્ટના સમાપનમાં આભાર-દર્શન કરતા મૈત્રેયી કામ્બલેએ કહ્યું હતું કે, "દેશના યુવાનો 21મી સદીની કુશળતાઓ પ્રત્યે જાગૃત અને સજ્જ છે. તેઓ નવી કુશળતાઓ અને ટેકનોલોજી શીખવા આતુર છે. સંશોધન પ્રત્યે તેમનું વલણ ભારતની ક્ષમતા છે અને તેથી ઉચ્ચ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે તેનું સંવર્ધન કરવું પડશે અને પ્રોત્સાહન આપવું પડશે."